# <u>મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, મુ.ઠાસરા</u>

**ક્રિ.કેસ નં.૭૧૯/૨૦૨૨**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**ફરીયાદી:** શ્રી સરકાર

વિરૂઘ્ઘ

**આરોપી:** ભરતભાઈ અભેસિંહ ચાવડા

**ગુન્હો : <u>બોમ્બે પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ.</u>**

**:: ઠરાવ ::**

આ કેસની  ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદાર સામે વગર પાસ પરમીટે <u>કિંમત રૂા.૪૦</u> નો દેશી દારૂ રાખવા બદલ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ ફરીયાદીએ ફરીયાદ આપતાં ગુન્હો નોંધાયા બાદ તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂઘ્ઘ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ રજુ કરતાં હાલનો આ ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ચાર્જશીટ ક્રિમિનલ કેસ રજીસ્ટરે નોંધી આરોપીને પ્રોસેસ કરતા તે હાજર થતા ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરુઘ્ઘ ગુજરાત પ્રોહી એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબના ગુન્હા અન્વયે ચાર્જ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી, પ્લી નોંધતા આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે અને વિશેષમાં તેઓએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરી રજુઆત કરેલ છે કે, તેઓનો પ્રથમ ગુન્હો હોઈ તેઓને ગુન્હાનો પસ્તાવો હોઈ અને તેઓ ભવિષ્યમાં ગુન્હો કરશે નહી તેમજ તેઓ ખુબ ગરીબ તથા કુટુંબ કબીલા વાળા હોઈ દયા કરવા અને ઓછી સજા કરવા અરજ કરેલ છે. આરોપી પોતે સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ હોઈ તે આધારે સજા કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. આ તબકકે ૨૦૦૫(૩) જી.એલ.આર.પા.નં.૭૦૯ નટવર હરચંદજી ઠાકોર ના ચૂકાદામા ઠરાવેલ સિઘ્ઘાંત ઘ્યાને લેવામાં આવે તો તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે ખાસ અને પુરતા કારણો હોય, તેવા સંજોગોમા કાયદામા ઠરાવવાામા આવેલ સજા કરતા ઓછી સજા કરવાની કોર્ટને સતા છે તેવો સિઘ્ઘાંત પ્રસ્થાપીત કરેલ છે.

(૩) આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના ભુપતભાઈ અર્જુનભાઈ તારા વિરૂધ્ધ ગુજરાત રાજય (૨૦૧૨) જી.સી.ડી.(૧)૮૩૧ માં ઠરાવવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો તેમાં ઠરાવવામાં આવેલ છે કે સજા ફરમાવતી વખતે આરોપીની દશા, પરિસ્થિતિ અને અવસ્થા અદાલતે ધ્યાનમાં રાખવી જોઈએ અને દયાદ્રષ્ટિ રાખી સજા ફરમાવવી જોઈએ.

(૪) હાલના કેસની હકીકતો અને સંજોગો તેમજ આરોપીની સ્વૈચ્છિક કબુલાત અને ઉપરોકત રજુઆત કે તેઓ ખુબજ ગરીબ છે તેમજ તેમના કુટુંબનો આધાર તેમના પર રહેલ છે તેમજ તેઓએ ગુન્હો કર્યા બાબતે દર્શાવેલ પસ્તાવો તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકત ધ્યાને લેતાં આરોપીને ટી.આર.સી. તથા આરોપીની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈ યોગ્ય દંડની સજા કરવામા આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવતો અને સજા ફરમાવતો નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં ફરમાવવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

આ કામના ઉપરોકત આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પૂરા) નો દંડ અને કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડ ન ભરે તો વધુ દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

પ્રોહીબીટેડ મુદ્દામાલ દારૂ/પ્રવાહીનો તથા જો કોઈ શીશી, ગેલન હોય તો તેનો અપીલ/રીવીઝન સમય પૂર્ણ થયા બાદ નાશ કરવો. અને તે સિવાય અન્ય કોઈ મુદ્દામાલ હોય તો તેનો અલગથી ઈન્કવાયરી કરવાની હુકમ કરવામાં આવે છે. અને જો કોઈ મુદ્દામાલનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેટના સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૨/૧૧/૨૦૨૨
સ્થળ:ઠાસરા

(કલ્પેશ થાવરદાસ ગુરનાની)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઠાસરા
કોડ નં. જી.જે.૦૧૨૨૬